





(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસાથી ૩ કિલોમીટરના અંતરે ૫ વર્ષ અગાઉ શરૂ કરાયેલુ ડૉ. બાબાસાહેબ આંબેડકર છાત્રાલય લાખો રૂપિયાના ખર્ચે બાંધવામાં આવ્યું છે. પરંતુ છાત્રાલયમાં લાઈટ ફિટિંગની હાલત જોતા આ ખર્ચો પાણીમાં હોય એવું લાગી રહ્યું છે. છાત્રાલયમાં લાઈટ ચાલુ કરવા માટે વિદ્યાર્થીઓને જોખમ સાથે જાતે છેડા જોઈન્ટ કરવા પડે છે. જેનાથી વિદ્યાર્થીઓને કેટલીક વાર વીજ કરંટનો ભોગ બનવું પડ્યું છે. મુખ્ય રસ્તાથી છાત્રાલય સુધીના માર્ગની હાલત પણ બદતર હોવાથી ખાસ કરીને ચોમાસાની ઋતુમાં મુશ્કેલી પડી રહી છે. સૌથી વધુ મુશ્કેલી વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં જ્યારે બોર બગડે ત્યારે દસ-દસ દિવસ સુધી મોટર રીપેર ન થતા નાહવા ધોવા માટે રજુઆત કરવામાં આવે તો વિદ્યાર્થીઓને નજીકની કેનાલમાં પાણીનો ઉપયોગ કરવાનું કહેવામાં આવે છે અને કેનાલ જ્યારે ભરેલી હોય તો અમુક વખતે કેટલાક છાત્રો તણાયાના પણ અહેવાલ છાત્રો જણાવી રહ્યા છે. આ મામલે આ તમામ મુશ્કેલીઓ વચ્ચે ઉચ્ચ અધિકારીઓ પણ ક્યારેય છાત્રાલયની મુલાકાત લેતા ન હોવાથી તંત્ર સામે પણ રોષ ફેલાયો છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર છાત્રાલય અસુવિધા અને પ્રશ્નોના મુદ્દે અરવલ્લી જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારી પણ પોતે અજાણ હોવાનું જણાવી રહ્યા છે. ત્યારે તેઓએ વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લા કલેક્ટરને કરેલા લેખિત રજુઆતને પગલે તાકિદે તમામ પ્રશ્નો હલ લાવવા ખાતરી આપી હતી. વોર્ડન તથા રસોઈ કોન્ટ્રાક્ટરને સરકારના ધારા ધોરણ મુજબ વિદ્યાર્થીઓને આરોગ્ય પ્રદ ખોરાક આપવા સુચના આપી દીધી હોવાનું જણાવી આગામી દિવસોમાં આવા કોઈ જ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે માટેની ખાતરી આપી હતી. સરકારી કુમાર છાત્રાલયમાં રહેતા ૩૦ થી વધુ વિદ્યાર્થીઓ છાત્રાલયની અસુવિધાઓથી કંટાળી જઈને જિલ્લા કલેક્ટર સુધી રજુઆત કરી ચુક્યા છે ત્યોર ભોજન, પાણી, સફાઈ અને લાઈટ જેવા પ્રાથમિક પ્રશ્નોનું ઝડપી નિરાકરણ જરૂરી જ નહિ પણ આવશ્યક છે.

## સેકટર-૭માં રખડતા કૂતરા-ઢોરોનો ત્રાસ

ગાંધીનગર, તા. ૨૮

સેકટર-૭-ડીમાં રખડતા કૂતરા-ઢોરોનો ત્રાસ અસહ્ય બન્યો છે. શહેરમાંથી કૂતરા પકડવાનું બંધ છે. જે ખેદનીય છે. હાલ ગરમીના દિવસોમાં વહેલી સવારે વયસ્ક નાગરિકો ફરવા નીકળતા હોય છે ત્યારે કેટલાક વિસ્તારમાં કૂતરાઓ પાછળ દોડે છે. ત્રણ વયસ્ક નાગરિકોને કૂતરા કરડવાના બનાવો બનેલ છે. સે-૭-ડીમાં કેટલીક જગ્યાએ કૂતરાઓના અડ્ડાઓ છે. જેથી વયસ્ક નાગિરકો ત્યાંથી પસાર થાય કે તુરંતજ તેમની પાછળ પડે છે. કૂતરા-ઢોરોનો ત્રાસ દૂર કરવા માટે સેકટર-૭-ડી શહેરીજન સંસ્થા ગાંધીનગરના પ્રમુખ શ્રી જે.જી. ભટ્ટે કમિશનરશ્રી મહાનગરપાલિકા સમક્ષ રજુઆત કરેલ છે.

# મહેસાણાના આંગણે રાવળ યોગી સમાજની રાત્રિ ક્રિકેટ ટૂર્નામેન્ટ

મહેસાણા, તા. ૨૮

રાવળ યોગી સમાજ યુવા સંગઠન દ્વારા રાત્રી ક્રિકેટ ટુર્નામેન્ટ ગ્રીન પાર્ક સ્ટેડીયમ મહેસાણા ખાતે રમાઈ રહી છે.

આ ટુર્નામેન્ટમાં રાજયના જુદા જુદા જિલ્લાઓની રાવળ સમાજની ટીમોએ ભાગ લીધેલ છે. છેલ્લા આઠ દિવસથી આ ટીમો દ્વારા શાનદાર પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. રાવળ યોગી સમાજ યુવા સંગઠન (આરવાયએસ) દ્વારા આ ટુર્નામેન્ટ સમાજના યુવાનો એક થાય, તેમનામાં સંગઠનની ભાવના ઉજાગર થાય તેમજ યુવાનોમાં રમત અંગેની ટેલેન્ટને બહાર લાવવાના આશય સાથે આ ઈવેન્ટનું આયોજન કરેલ છે.

આ ઈવેન્ટમાં સમગ્ર જિલ્લાઓની ૧૨૦ ટીમોએ ભાગ લીધો છે જે મહેસાણાના આંગણે જો કોઈ સમાજ દ્વારા આટલી મોટી ટુર્નામેન્ટનું આયોજન કરેલ હોય.

આ ટુર્નામેન્ટમાં દરરોજ રાત્રે ત્રણ ટીમો રમાડવામાં આવે છે ક્રિકેટને નિહાળવા માટે રાવળ સમાજના ભાઈઓ, આજુબાજુના ગામો તથા મહેસાણામાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે છે અને ખેલાડીઓને પ્રોત્સાહિત કરે છે. ટુર્નામેન્ટનું સુંદર આયોજન આરવાયએસ કમિટીના સભ્યશ્રી ભરતભાઈ રાવળ (પ્રમુખ), શૈલેષભાઈ રાવળ (મંત્રી), કરસનભાઈ રાવળ (કન્વીનર), અશ્વિનભાઈ પેન્ટર, ભીખાભાઈ ડાભી, ધર્મેન્દ્રભાઈ રાવળ, સુનિલભાઈ રાવળ-નંદાસણ, મહેન્દ્રભાઈ જી. રાવળ તથા સૌ રાવળ ભાઈઓ આ ઈવેન્ટને સફળ બનાવવા સારી એવી મહેનત કરી રહ્યા છે. આ ઈવેન્ટ જોવા સૌ કોઈને આમંત્રણ છે.

## નેપાળમાં એન.એમ.ઓ.ના તબીબોની ટીમ ખડે પગે સેવા કરી રહી છે

ગાંધીનગર, તા. ૨૮

નેપાળ ભૂકંપથી તહસનહસ થઈ જવા પામ્યું છે. મોટી મોટી ઈમારતો જમીનદોસ્ત થઈ ગઈ છે. જનજીવન ખોરવાઈ ગયું છે. મોટા પ્રમાણમાં ખાનાખરાબી થઈ ગઈ છે. ભૂકંપ પિડીતો માટે નેશનલ મેડીકોસ ઓર્ગેનાઈઝેશન ગુજરાતની ટીમ સેવા આપી રહી છે. બીજી ટીમ આગામી સમયમાં રવાના થશે.

નેપાળમાં બે દિવસ અગાઉ આવેલ ભૂકંપમાં અનેક લોકોના મોત નિપજયા છે તેમજ હજુ પણ કેટલાય મૃતદેહો બહાર કાઢવાનું કાર્ય પૂર જોશમાં ચાલી રહ્યું છે. નેપાળમાં ભૂકંપના પિડિતોની સેવા કરવા એન.એમ.ઓના તબીબો પહોંચી ગયા છે. તબીબો દ્વારા પિડીતોની સેવા કરવામાં આવી રહી છે. વધુ એક ડોકટરોની ટીમ મંગળવારે નેપાળ જવા રવાના થશે. એન.એમ.ઓ. દ્વારા તબીબી અને નાણાંકીય સહાય કરવામાં આવી રહી છે.

# કોમ્પ્યુટર એજ્યુકેશન એસોસિએશન દ્વારા અમદાવાદમાં યોજાશે આઈ.ટી એવોર્ડ નાઈટ

અમદાવાદ, તા. ૨૮

આઈટી ક્ષેત્રના વ્યાપ અને વિકાસ માટે કામ કરતા ગુજરાતના જાણીતા એસોએસિશન એવા કોમ્પ્યુટર એજ્યુકેશન એસોસિએશન (સીઈએ) દ્વારા સતત છઠ્ઠા વર્ષે આઈટી એવોર્ડ સમારોહ યોજાવા જઈ રહ્યો છે. સીઈએ દ્વારા આગામી ૩૦મીના રોજ અમદાવાદના પાલડી ખાતે આવેલા ટાગોર હોલમાં રાત્રે ૯ વાગ્યાથી ભવ્ય આઈટી એવોર્ડ નાઈટનું આયોજન કરાયુ છે, જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીના હસ્તે આઈટી ક્ષેત્રે સમાજ ઉપયોગી અને નોંધનીય કામ કરનાર પાંચ વ્યક્તિઓને એવોર્ડ અપાશે તેમજ આ આઈટી એવોર્ડ નાઈટમાં મુંબઈના જાણીતા કોરિયોગ્રાફર રાજ સીનેજિયા દ્વારા કોરિયોગ્રાફ કરાયેલ ઉમ્મીદ ડાન્સ એન્ડ ફેશન શો પણ યોજાશે.

આ અંગે કોમ્પ્યુટર એજ્યુકેશન એસોસિએશનના પ્રમુખ હેમાંગ રાવલે જણાવ્યું હતું કે એસોસિએશનની કમિટી દ્વારા સમાજના જુદા જુદા ક્ષેત્રમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેનો ફેલાવો કરવા માટે કટીબદ્ધ વ્યક્તિઓ માટે વર્ષ ૨૦૧૦થી આ.ઈ ટી સન્માન એવોર્ડ (I.T Award) સમારંભનું આયોજન કરવામા આવે છે ત્યારે ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો વ્યાપ વધે તથા તેની સાથે સંકળાયેલા





કર્મનિષ્ઠ વ્યક્તિઓનો ઉત્સાહ વધારવા સીઈએ દ્વારા સતત છઠ્ઠા વર્ષે ૨૦૧૫માં પણ એવોર્ડ સમારોહનું આયોજન કરેલ છે.

આ એવોર્ડ નાઈટમાં મુંબઈના જાણીતા કોરિયોગ્રાફર રાજ સિનેજિયા દ્વારા ઉમ્મીદની થીમ પર સમાજમાં પ્રવર્તતા મહિલાલક્ષી પ્રશ્નો જેવા કે બેટી બચાવો,વુમન હેરેસમેન્ટ વગેરેને ઉજાગર કરવા ડાન્સ અને ફેશન શોની પણ રજૂઆત કરાશે. આ કાર્યક્રમમાં આઈટી ક્ષેત્રના નામાંકીત લોકો સાથે એસોસિએશનના ફેમિલી મેમ્બર્સ તથા વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ ઉપસ્થિત રહેશે.

કોમ્પ્યુટર એજ્યુકેશન એસોસિએશન એ એક સરકાર માન્ય રજીસ્ટર્ડ સંગઠન છે. આ સંગઠન હેઠળ ગુજરાતની ૨૫૦થી વધુ કોમ્પ્યુટર સોફટવેર અને હાર્ડવેર ટ્રેનિંગ આપતી સંસ્થાઓ સંકળાયેલ છે. આમ આ સંગઠન એક લાખથી વધુ આઈટી વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સનું પ્રતિનિધિત્વ કરે છે.

એસોસિએશનની વિધિવત સ્થાપના ૫ માર્ચ ૨૦૦૯ના રોજ થઈ હતી અને CEA દ્વારા અત્યાર સુધીમાં જુદી જુદી રીતે અને જુદી જુદી જગ્યાએ ૨૧થી વધુ સમાજ ઉપયોગી કાર્યક્રમો યોજાયા છે.

## ઊંઝા તાલુકામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ શિબિર યોજાઈ

ઊંઝા, તા. ૨૮

ઊંઝાના વતની અને નિવૃત્ત ઓફિસર કમાન્ડીંગ હોમગાર્ડઝ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ ટ્રેનર કરસનભાઈ બી. પ્રજાપતિએ તાજેતરમાં ઊંઝા તાલુકા પંચાયતમાં તલાટી કમ મંત્રીઓની બેઠકમાં તલાટી કમ મંત્રીઓને ડીઝાસ્ટર મેનેજમેન્ટને લગતા આગ, અકસ્માત, પુર રાહત, બિલ્ડીંગ હોનારત, ઔદ્યોગિક અને રાસાયણિક અકસ્માત વિગેરે બાબતે સુંદર તાલીમ આપી હતી. જેથી નિવાસી અધિક કલેકટર મહેસાણાએ કરસનભાઈ પ્રજાપતિની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી તેમને પ્રમાણપત્ર એનાયત કર્યું હતું.



નેપાળમાં ભૂકંપથી તારાજી સર્જાઈ છે. નેપાળની ધરા એવી તો ધ્રુજી કે મૃતદેહોના ઢગ ખડકાઈ જવા પામ્યા છે. ભૂકંપ બાદ કુદરતે વધુ વિનાશ કરતા વરસાદ શરૂ થઈ ગયો છે. એક બાજુ ભૂકંપમાં દટાયેલા નાગરિકોને બચાવવા રાહત કાર્ય હાથ ધરાયું છે ત્યારે બીજી બાજુ વરસાદ વિલન બન્યો છે. આવા કપરા સમયેસ્વામિનારાયણ ગાદી સંસ્થાનના મુકતજીવન ડીઝાસ્ટર મેનેજમેન્ટ રેસ્ક્યુ ટીમ દ્વારા માનવતાના ધોરણે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. વરસતા વરસાદ અને કાટમાળમાંથી લોકોને બચાવવા પહેલ કરવામાં આવી છે.


# અરવલ્લી જિલ્લામાં ગૌરવ દિવસ ઉજવાશે

મોડાસા, તા. ૨૮

સમગ્ર રાજયમાં લોકાભિમુખ વહિવટનો લાભ પ્રજાને મળી રહે તે આશયથી રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી રાજયના અલગ અલગ જિલ્લામાં કરવામાં આવી રહી છે જે અંતર્ગત આગમી ૧લી મે રાજય સ્થાપના દિવસની ઉજવણી તાપી ખાતે કરાઈ રહી છે જેની ઉજવણી સમગ્ર રાજયમાં થનાર છે જે અંતર્ગત અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે ૧લી મે ગુજરાત ગૌરવ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણીના ભાગરૂપે જિલ્લા કલેકટરશ્રી છાકછુઆકના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ ગઈ.

બેઠકમાં કલેકટર શ્રી છાકછુઆકે જણાવ્યું હતું કે આવી જિલ્લાકક્ષાએ ઉજવણી થવાના કારણે લોકોત્સાહ અને જનભાગીદારીના નવા પરીમાણો પ્રગટ થતા જણાયા છે જેથી જિલ્લામાં ગૌરવ દિવસની ઉજવણી પ્રસંગે લોકોમાં પોતાનો તહેવાર હોય તેવી લાગણીથી અને લોકભાગીદારીથી ઉજવણી કરવામાં આવે તેમજ લોકોપયોગી કામોનું લોકાર્પણ કરવા, સરકારી મકાનો, ખાનગી મકાનો તથા શેરીઓમાં રોશની કરવા, આરોગ્ય વિષયક કેમ્પનું આયોજન કરવામાં આવશે. સ્વચ્છતાને લોકો કાયમી ધોરણે પોતાની જીવનશૈલીના ભાગરૂપે અપનાવી તે મુજબ સ્વચ્છતા અને સાફસફાઈ અભિયાન હાથ ધરવા જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧ લી મે થી ૧૫ મી મે૨૦૧૫ દરમ્યાન સફાઈ ઝુંબેશમાં સરકારની સાથે તમામ નાગરિકો સહભાગી થાય, જાગૃતિ આવે અને સ્વચ્છતાની ટેવો કેળવાય તે મુજબના કાર્યક્રમો હાથ ધરવા જણાવાયું હતું બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુધિર પટેલ, અધિક કલેકટર એમ.એચ.ગજરે, પ્રાંત અધિકારી આચાર્ય તેમજ સર્વે અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## શબ્દાવલી - ૫૭૧૫



### આડી ચાવી

૧. આજુબાજુ (૬)
૬. સાતફેરા, લગ્નની ધાર્મિક ક્રિયા (૪)
૮. સસરા (૩)
૧૦. અભિનેત્રી કાજોલની માતા (૩)
૧૨. એક અંધ ભક્ત (૪)
૧૩. ભગવાન, અવતાર (૩)
૧૪. ગમતું, અણગમો (૨)
૧૬. આવવું તે (૪)
૧૭. હવન (૨)
૧૮. ઝૂલ, કોર (૩)
૧૯. લોઢુ ઘડનાર (૩)

### ઊભી ચાવી

૧. નાની કરવતી (૨)
૨. સફળ (૨)
૩. સાત ઋષિઓનો સમુહ(૩)
૪. જૈનના ભગવાન (૪)
૫. દારૂ, મદિરા (૪)
૭. છપનું, છુપું (૨)
૯. શ્રીકૃષ્ણના ગરીબ મિત્ર(૩)
૧૦. ફોટો, છબી (૩)
૧૧. એક શહેર (નગર) (૫)
૧૨. સુહાગવતી, સૌભાગ્યશાલી (૪)
૧૫. તુચ્છ, હલકુ (૩)
૧૬. આપ, દે (૨)
૧૭. વાતને વધારવી, ઘોંઘાટ(૨)

### શબ્દાવલી ૫૭૧૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) ડાયાબિટીશ (૫) જરા (૭) નકાર (૮) રાવ (૯) લીબાસ (૧૧) તરપણ (૧૩) સીરતાજ (૧૫) મણ (૧૬) સમાવાત (૧૮) સીર (૨૦) કાપા (૨૨) મૃગનયની (૨૩) પણ (૨૪) તન (૨૫) દાઝ

**ઊભી ચાવી :-** (૧) ડાયાલીસીસ (૨) બીનસત્તાવાર (૩) રાવણ (૧૦) બાર (૧૨) રમત (૧૪) ગગન (૧૭) જાપાનીઝ (૧૯) ગગન (૨૦) કાયદા (૨૧) ખેપ (૨૨) મૃત

# પાલનપુરના બે તબીબ નેપાળથી હેમખેમ પરત આવતા પરીવારજનોમાં હાશકારો

પાલનપુર, તા. ૨૮

નેપાળમાં તાજેતરમાં આવેલ ભયાનક ભૂકંપ બાદ નેપાળ ફસાઈ ગયેલા પાલનપુરના બે તબીબો આજે પાલનપુર હેમખેમ પરત આવતા પરીવારજનો સહીત તબીબ વર્તુળમાં હાશકારો અનુભવાયો છે.

તા. ૨૪ એપ્રિલે નેપાળ ખાતે પેડ્રીયાટ્રીક ડોક્ટરોની કોન્ફરન્સમાં ગયેલા પાલનપુરના બાળરોગ તબીબ ડૉ. રમેશ પટેલ એ ડૉ. જગદીશ ઠાકોરે નેપાળના ભૂકંપની પરિસ્થિતિ વર્ણવતા જણાવ્યું હતું કે અમો ૭૦ થી ૮૦ ડૉક્ટરો એક હોટલમાં લેક્ચરમાં હતા અને ભયાનક ભૂકંપનથી બિલ્ડીંગ ધ્રુજી ઉઠી હતી. અને અમો બહાર દોડી ગયા હતા અને હોટલની બિલ્ડીંગને ભુકંપથી ડોલતી જોઈ ચક્કર આવી ગયા હતા.

અમારા મનમાં એક ગભરાટ હતો અને અમો સતત હોટલની જગ્યાએ બહાર મેદાનમાં દિવસ-રાત વિતાવ્યા હતા. ભયાનક ભૂકંરપથી ચારેબાજુ નેપાળના કાઠમંડુમાં ભારે અફરાતફરી અને અરાજકતા તથા આફટર શોક ચાલુ જ હોવાથી અમો ગભરાઈ ગયા હતા. જો કે ઈન્ડિયન એરલાઈન્સ તથા ભારતીય લશ્કરે બહુ સરસ કામગીરી કરી નેપાળમાં ફસાયેલ ભારતીયોની મદદ કરી હતી. અને અમને નેપાળથી સહીસલામત લઈ આવ્યા હતા.

# ડીસામાં તડીપાર કરાયેલ શખ્સ હદમાં ઘુસતા પેરોલ ફલો સ્કોર્ડે અટકાયત કરી

ડીસા, તા. ૨૮

ડીસાના નહેરુ નગર ટેકરા વિસ્તારમાં રહેલા એક યુવકને માર અને ચોરીના ગુન્હામાં પાંચ જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યો હતો. જે તડીપાર કરાયા બાદ ફરી ડીસામાં ગેરકાયદેસર રીતે આવી જતા પેરોલ ફલો સ્કોર્ડ દ્વારા તેની અટકાયત કરવામાં આવી હતી.

ડીસાના નહેરુનગર વિસ્તારમાં રહેતો જીતુ ઉર્ફે ભોડી નાગજીભાઈ ઠાકોર (ઉ.વ.૨૦)ને ચોરી અને મારામારીના કેસો બનતા ડીસાના નાયબ કલેકટરે બનાસકાંઠા, પાટણ, કચ્છ, સાબરકાંઠા અને મહેસાણા એમ પાંચ જિલ્લાઓમાંથી તડીપાર કરવાનો હુકમ કર્યો હતો. પરતુ જીતુ ઠાકોર વાંરવાર ડીસામાં આવી જઈ નાયબ કલેકટરના હુકમનો અનાદર કરતો હતો. જેથી પેરોલ ફલો સ્કોર્ડના પી.એસ.આઈ. જી.આર. શુકલાને બાતમી મળતા જ તેમણે તપાસ હાથ ધરી જીતુ ઠાકોરને સંતન્ના હાઈસ્કુલ પાસેથી ઝડપી પાડી ડીસા શહેર દક્ષિણ પોલિસના હવાલે કર્યો હતો.

## રાયસીંગપુર પ્રાથમિક શાળાનું ગૌરવ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની રાયસીંગપુર પ્રાથમીક શાળામાં અભ્યાસ કરતી ખુશ્બુબેન દેવેન્દ્રભાઈ અસારી ૩૦મી નિર્વાણ દિનના નિમિત્તે યોજાયેલ ચિત્રસ્પર્ધામાં જીલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવેલ છે.જે બદલ શાળાના આચાર્ય સીતાબેન પટેલ,જુથ મંત્રી કે.એસ.અસારી,સી.આર.સી. પી.એન.નિનામા,બી.આર.સી. કે.એસ.પટેલ તેમજ તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારી બી.એન.ઢાઢીએ બિરદાવ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરમાં ભગવાન દ્વારકાધીશની ભવ્ય શોભાયાત્રા નીકળી

પાલનપુરના ઢાળવાસમાં વૈષ્ણવ સંપ્રદાયની ભગવાન દ્વારકાધીશની નવીન હવેલીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. રૂ. ૧ કરોડના ખર્ચે નિર્માણાધીન હવેલીમાં ભગવાનની પધરામણીની પૂર્વ સંધ્યાએ ભગવાનની ભવ્ય શોભાયાત્રા શહેરમાં કાઢવામાં આવી હતી. બેન્ડવાજા, ડી.જે. અને ભજન મંડળીઓ શોભાયાત્રામાં જોડાતા સમગ્ર વાતાવરણ ભકિતમય બન્યું હતું. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં વૈષ્ણવ સમાજના લોકો જોડાયા હતા.

## કિંમતી ભેટ મેળવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુનિટ એ સિવીલ સત્તાવાળાઓની કોઈ પણ રજુઆત કે ફરિયાદ સાંભળતું જ નથી અને માત્ર ને માત્ર પોતાનું ધાર્યું અને પોતાના એજન્ડા પર કામગીરી કરે છે.

પરિસ્થિતિ આજે એવી આવીને ઉભી રહી છે કે સિવીલની મુલાકાત લો અને મેલેરિયાની કિંમતી ભેટ મેળવો.

સિવીલ હોસ્પિટલની ગંદકીને લઈ જિલ્લા કલેકટરે પીઆઈયુના બિલો અટકાવવાની ચીમકી આપી હતી પરંતુ તે વાતની કોઈ જ અસર પીઆઈયુને થઈ નથી. સિવીલ હોસ્પિટલની ગંદકી અને મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રો આ હોસ્પિટલને બેહાલ કરી રહી છે.

રાજયના આરોગ્ય તંત્રનો વહીવટ ભલે ગાંધીનગરથી થતો હોય પણ ગાંધીનગરમાં જ આનાથી વધુ અંધેર કયાંય દેખાઈ શકે તેમ નથી. સ્વચ્છતા મિશન માટેની વાતો અને આયોજનો અહિંથી કરીને મોકલાય પણ અમલીકરણમાં અહિ જ શૂન્યતા એ વકતાથી હવે ગાંધીનગરનું આરોગ્ય પણ ચિંતાની ગંભીર ઘંટડી વગાડી રહેલ છે.

## લડત આપશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાલોદ્યાનને નવારૂપરંગ આપવાની વાત પણ વિસરાઈ ગઈ છે. શહેરમાં હરિયાળી અને વૃક્ષો બચાવવા પ્રકૃતિપ્રેમીઓમાં જાગૃતિ કેળવાઈ છે.થોડા સમય અગાઉ પંચામૃત ભવનના નિર્માણના મામલે આંદાલનને સફળ પ્રતિસાદ મળ્યો હતો જેના લીધે સેંકડો વૃક્ષોને નવજીવન મળ્યુ હતુ. પ્રકૃતિપ્રેમીઓની જીત થઈ હતી. વધુમાં હવે પ્રકૃતિપ્રેમીઓ દ્વારા નગરના ઉધાનોને નવજીવન આપવા બાગાયત વિભાગને રજુઆત કરવામાં આવશે.જયારે જરુર પડે આ મામલે આંદોલનની રાહ અપનાવવામાં આવશે. સેકટરોના ઉધાનોને બચાવવા શહેરના જાગૃત નાગરિકો લડત આપશે. હાલ આ બગીચાઓ જાણે રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. કંગાળ ભાસતા બગીચાઓના લીધે પ્રકૃતિપ્રેમીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. આખરે ઉધાનોને મરણપથારીએથી ઉગારવા જાગૃત નાગરીકો ટૂંકમાં મેદાને પડશે.

## એપોલો કલીનીકનું અમદાવાદમાં વિસ્તરણ

અમદાવાદ, તા. ૨૮

એપોલો કલીનીક દ્વારા અમદાવાદમાં નવા કલીનીકને ખુલ્લું મુકવામાં આવ્યું છે. આ કલીનીકનો હેતુ તમામ પ્રાથમિક સ્વાસ્થ્ય સંબંધી સુવિધાઓને એક છત્ર નીચે આણવાનો છે. અમદાવાદમાં એસજી હાઈવે પર બાલેશ્વર સ્કવેરમાં એપોલો કલીનીકને ખુલ્લું મુકવામાં આવ્યું છે.

૩૮૦૦ સ્કવેર ફીટમાં પથરાયેલા એપોલો કલીનીકમાં અદ્યતન લેબોરેટરી તેમજ ઓર્થોપેડિક્સ, ગાયનેકોલોજી, પિડીયાટ્રીક્સ, ફેમિલી મેડિસીન, કાર્ડિયોલોજીથી ડાયગ્નોસ્ટીક્સ અને વેક્સિનેશન વગેરે જેવા વૈવિધ્યપૂર્ણ નિપુણતાના ક્ષેત્રો અને સારવારનો સમાવેશ થાય છે. આ નવા કેન્દ્રમાં ફિઝિયોથેરાપી, ડાયેટ્રી, સ્પીડી હેલ્થ ચકસ તેમજ એપોલો સુગર કલીનીકનો પણ સમાવેશ થાય છે.

અપોલો હેલ્થ એન્ડ લાઈફસ્ટાઈલનાં સીઈઓ શ્રી નીરજ ગર્ગનાં જણાવ્યા અનુસાર, 'એપોલો ક્લીનીક લોકો માટેની સ્વાસ્થ્ય સુવિધા સંભાળતી જરૂરિયાતોને પારખી છે. અમે એક છત્ર નીચે તમામ સુવિધાઓ આણવાના સ્વાસ્થ્ય સંભાળ ક્ષેત્રમાં અમે પ્રણેતા છે. અમે આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસારની સ્વાસ્થ્ય સુવિધાઓ લોકોને આપીએ છીએ.'